# દરેક સર્કલો પર વેસ્ટમાંથી બેસ્ટ આર્ટ ગેલેરી મુકાશે

## શહેરમાં મનપા દ્વારા એકત્રીત થતા કચરામાંથી એક નવતર પ્રયોગ કરાશે : IGNCA, ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગર મનપાના સંયુક્ત ઉપક્રમે પ્રોજેક્ટ બેસ્ટ ટુ વેસ્ટ અંતર્ગત નીફ્ટના વિદ્યાર્થીઓ દ્વારા વેસ્ટમાંથી આર્ટ ઈન્સ્ટોલેશન બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં ગંદકીનું દૂષણ રોકવા માટે કચરા કલેક્શન માટે ડોર ટુ ડોર કચરા ગાડીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દરરોજનો ૧૩૦ ટન જેટલો કચરો એકઠો થઈ રહ્યો છે. જેમાંથી સેગ્રીગેશન દ્વારા ખાતરની બનાવટ કરવામાં આવે છે અને કચરાનો નિકાલ કરવામાં આવે છે. જો કે ઘન કચરામાંથી ઘણા બધા નવતર પ્રયોગો દેશભરમાં કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં પણ હવે નવતર પ્રયોગ થવા જઈ રહ્યો છે. આ વેસ્ટ કચરામાંથી ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટસ (IGNCA), ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIPT)ના વિદ્યાર્થીઓ દ્વારા બેસ્ટ આર્ટ બનાવવામાં આવશે. આ આર્ટને ગાંધીનગર શહેરના અલગ-અલગ સર્કલ અને જાહેર સ્થળ પર મુકવામાં આવશે. જે શહેરીજનો માટે સેલ્ફી પોઈન્ટ અને શહેરની શોભામાં વધારો કરશે. NIPT કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર નિલેશ સિધ્ધપુરા આ પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. મૂળ વડોદરાના નિલેશ સિદ્ધપુરા કળામાં ખૂબ રસ ધરાવે છે અને સંસ્થાના વિદ્યાર્થીઓને રસ પડે એ રીતે માર્ગદર્શન પુરૂ પાડે છે. ઓ વેસ્ટને કઈ રીતે ઓછું કરી શકાય અને વેસ્ટમાંથી બેસ્ટ આર્ટ કઈ રીતે તૈયાર કરી શકાય તેના પર અવનવા પ્રયોગ કરતા રહેતા હોય છે અને તેના આર્ટ શહેર સંસ્થા સાથે મળીને આર્ટ ગેલેરીમાં પણ પ્રદર્શિત થઈ ચૂક્યા છે. સૂકા કચરામાંથી પર્યાવરણ સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવનાર આર્ટ ઈન્સ્ટોલેશનના સમગ્ર પ્રોજેક્ટનું સંકલન ગાંધીનગરમાં ઉદ્‌ગમના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી દ્વારા કરવામાં આવ્યું છે.





આ પ્રોજેક્ટમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણાનો પૂર્ણ સહયોગ પણ મળ્યો છે. શહેરમાં કચરાના એકત્રીકરણ માટેના જે નવા નિયમો અમલમાં મુકાયા છે તેનો મુખ્ય ઉદ્દેશ્ય જ એ પણ છે કે સૂકો કચરો અને ભીનો કચરો અલગ કરવાથી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રક્રિયાઓ સરળ બને તેથી શહેરીજનોએ પણ સંપૂર્ણ સહયોગ કરવો જોઈએ.

હૈદરાબાદમાં તો વેસ્ટમાંથી સોનું બની રહ્યું છે. જે આખા દેશમાં એક માત્ર જગ્યા છે જ્યાં વેસ્ટમાંથી ગોલ્ડ બને છે. ત્યારે ગાંધીનગર મનપાનો આ નવતર પ્રયોગ સર્વેના હિતમાં જ છે. જેમાં પર્યાવરણ સંરક્ષણનો એકમાત્ર ઉદ્દેશ્ય છુપાયેલો છે. જો કે સૂકા કચરામાંથી ઘણી બધી પ્રક્રિયાઓ અને નવતર પ્રયોગો થઈ રહ્યા છે. વેસ્ટ પ્લાસ્ટિક બોટલમાંથી સુંદર મજાના આર્ટ બનાવવામાં આવી રહ્યા છે. આમ ઘણી વસ્તુઓને રિસાયકલ કરી શકાય છે પરંતુ દરેક માટે અલગ અલગ પ્રકારની તકનિકની જરૂર પડે છે. આ નવતર પ્રયોગનું પ્રાયોગિક ધોરણે વેસ્ટમાંથી બેસ્ટ આર્ટનું ઈન્સ્ટોલેશનનું અનાવરણ સ્થાપી સમિતિના ચેરમેન જશવંતભાઈ પટેલ અને ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં IGNCAના રિજિયોનલ ડાયરેક્ટર અરૂપા લેહરી, ઉદ્‌ગમના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષી સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્લાસ્ટિક સંપૂર્ણ રીતે ક્યારેય નષ્ટ થઈ શકતું ન હોવાના કારણે જમીન, પાણીને ખૂબ નુકસાન કરે છે અને પ્રદૂષણ ફેલાવે છે. જેનાથી જીવસૃષ્ટિ ખતરામાં આવી છે. તેથી IGNCA, ઉદ્‌ગમ ચેરીટેબલ, ગાંધીનગર મનપાના સંયુક્ત ઉપક્રમે પ્રોજેક્ટ વેસ્ટ ટુ બેસ્ટ અંતર્ગત NIPTના વિદ્યાર્થીઓ દ્વારા વેસ્ટમાંથી આર્ટ બનાવાશે અને શહરેના જાહેર સ્થળો પર આ આર્ટ રજૂ કરવામાં આવશે.

# ગાંધીનગરમાં ભગવાન ગણેશજીને આવકારવાની તૈયારીઓનો પ્રારંભ

**શહેરના ગણેશ ઉત્સવના આયોજકોએ તૈયારીઓ આરંભી દીધી : સોસાયટીઓમાં પણ ઉત્સવ સમિતિની બેઠકો યોજાવા લાગી : મૂર્તિકારોએ પ્રતિમાઓને આખરી ઓપ આપવાનું શરૂ કર્યું**







ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં વિઘ્નહર્તા ગજાનન ગણપતિના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે. શહેરના ગણેશ ઉત્સવના આયોજકોએ તેમની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે અને સોસાયટીઓમાં યોજાતા ગણેશોત્સવો માટે ઉત્સવ સમિતિની બેઠકો યોજાઈ રહી છે તેમજ મંગલમૂર્તિની પ્રતિમા સિવાયની ખરીદીઓ શરૂ કરી દેવાઈ છે. શહેરમાં મૂર્તિકારોએ પણ નાની મોટી ગણેશજીની પ્રતિમાઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધું છે.

છેલ્લાં બે વર્ષથી કોરોના મહામારીને કારણે આ તહેવાર એકદમ ફિક્કો રહ્યો હતો. જોકે આ વખતે ગણપતિની ઊંચાઈ પરના પ્રતિબંધો પણ સરકારે ઉઠાવી લેતા ગણેશ ભક્તોમાં ઉત્સાહ સાતમા આસમાને છે.

ઓગસ્ટ મહિનાના અંત સાથે પ્રારંભ થઈ રહેલા ગણપતિ ઉત્સવની તૈયારીઓ અત્યારથી જ શહેરમાં જોવા મળી રહી છે. ગાંધીનગરમાં આ ઉત્સવ ધૂમધામથી ઉજવાય છે. શહેરમાં મૂર્તિકારોએ નાની મોટી ગણેશજીની પ્રતિમાઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધું છે. જોકે દર વર્ષની જેમ આ વર્ષે પણ થીમ બેઝ ગણપતિનું ચલણ સૌથી વધારે જોવા મળશે તેવું લાગી રહ્યું છે.

સળંગ ૧૦ દિવસ સુધી ચાલનાર આ તહેવારમાં રોજબરોજ વિવિધ સાંસ્કૃતિક તેમજ મનોરંજક કાર્યક્રમો યોજાશે જેમાં વિવિધ સ્પર્ધાઓ સાથે ભજનો, ડાયરા, વેશભૂષા, સંગીત સંધ્યા, દેશભક્તિના કાર્યક્રમ, ગણેશ કથા, રાસ-ગરબા, આનંદનો ગરબો સહિતના વિવિધ આયોજનો પણ યોજાશે.

# “ANTI-2020” વેબ સીરીઝમાં શહેરની સ્ટાર કાસ્ટની જમાવટ

## ગાંધીનગરની ટીમ દ્વારા બનાવેલી વેબ સીરીઝ ઓટીટીમાં રીલીઝ થઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના રાઈટર, ડાયરેક્ટર તથા કલાકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી વેબ સીરીઝ ઓટીટી (હંગામા પ્લે-અપ) પ્લેટફોર્મ પર રીલીઝ થઈ છે. અભિવ્યક્તિ અને ઓરેન્જ ફેમ પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી આ વેબ સીરીઝનું નામ ‘એન્ટી-૨૦૨૦’’ છે. રાહુલ વાણીયા જે આ વેબ સીરીઝના રાઈટર અને ડાયરેક્ટર છે. જેમણે આ વેબ સીરીઝની સ્ટોરી, ડાયલોગ, સ્કીન પ્લે તથા ડાયરેક્શન કર્યુ છે. ગાંધીનગરમાંથી આ વેબ સીરીઝમાં અન્ય કલાકારો પણ પોતાનો અનોખો રોલ ભજવી રહ્યા છે. જેમાં ગાંધીનગરના દિગ્ગજ, નાટ્ય ક્ષેત્રે, ગૌરવ તથા ગાંધીનગર ગૌરવ અવોર્ડથી સન્માનિત અખતર સૈયદે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. જેમાં અન્ય સ્ટાર કાસ્ટમાં શ્રેય મારડિયા, યશ ભાગવત, અતુલ લાખાણી, ડૉ. કૃતિ પટેલ, નિષ્ઠા જોષી, ત્વરા મહેતા, સોનાલી દેસાઈ ઉપરાંત બાળ કલાકારો હીરવા ત્રિવેદી, હેત્વી ત્રિવેદી અને ત્વશી પટેલે અભિનય કરી શહેરનું ગૌરવ વધાર્યુ છે. વેબ સીરીઝના પ્રોડ્યુસર સૌરીન બી. શાહ છે જેમાં મ્યુઝિક પલ્લવે આપ્યુ છે. તથા એક્ઝુકેટિવ પ્રોડ્યુસર સંદિપ સોલંકી અને પ્રોડક્શન ડીપાર્ટમેન્ટ ટીમ હીરક પંડ્યા, પ્રિયાંક પટેલ, સાહીર શૈયદ, ઈશીતા મજેઠિયા દ્વારા સંભાળવામાં આવ્યું છે. વધુમાં રાહુલ વાણિયા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે આ વેબ સિરીઝ કોમેડી લવ સ્ટોરી પર આધારિત છે. જેનું શૂટિંગ કોરોના કાળ દરમિયાન ગાંધીનગરમાં જ થયું છે. પોસ્ટ પ્રોડક્શનના સમયગાળામાં પણ કોરોનાના કારણે ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો પણ આજે આ વેબ સીરીઝ રીલીઝ થતા આખી ટીમમાં એક ખુશીનો માહોલ છે અને તેથી જ આ સીરીઝ જોવા માટે ગાંધીનગરના દરેક નાગરિકને અપીલ કરીશ જેમાં તેમને ચોક્કસપણે કંઈક નવું જોવાનો અહેસાસ થશે અને અંતમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગરના કલાકારો દ્વારા તૈયાર કરાયેલી આ વેબ સીરીઝ લોકોને પસંદ આવે અને આગળ પણ આ રીતે જ કામગીરી કરતા રહેશે અને લોકોનું મનોરંજન કરતા રહીએ તેવી આશા છે.






ગાંધીનગરમાં આજકાલ જાતભાતની ખુરશીઓ વેચવાવાળા વેપારીઓની સંખ્યા વધી ગઈ છે. ટેમ્પો ભરીને નીકળતા આ ફેરીયાઓ-વેપારીઓ સવારથી સાંજ સુધી સેક્ટરોમાં ફરે છે અને વેપાર કરે છે. મધ્યપ્રદેશથી આ ખુરશીઓ અહી વેચાવા માટે આવી છે.

# ગાંધીનગરના બે સ્નેક રેસ્ક્યુઅર યુવાનોનું સર્પ જાગૃતિ માટે દેશ ભ્રમણ..!!

## સ્વાતંત્ર્ય દિને બંન્ને યુવાનો મોટર સાઇકલ લઇને નીકળી પડ્યાં : ત્રણ મહિનામાં બાર જ્યોતિર્લિંગ સહિત દેશભરના ખુણે ખુણે ફરી સરીસૃપો અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જે રીતે સરકારી કર્મચારીઓનું શહેર તરીકે ઓળખાય છે તે જ રીતે હવે ગાંધીનગરે પ્રકૃતિપ્રેમી નાગરિકોની ઓળખ પણ કેળવી છે. શહેરમાં અસંખ્ય યુવાનો પ્રકૃતિના જતન તેમજ જીવદયાના કાર્યો પ્રત્યે આકર્ષાયેલા છે અને તે માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય છે. શહેરના આવા જ સર્પ રેસ્ક્યુના કામ સાથે જોડાયેલા પ્રકૃતિપ્રેમી બે યુવાનો તાજેતરમાં સ્વાતંત્ર દિને મોટરસાઈકલ લઈને ભારતભ્રમણે નીકળ્યા છે જેમનો હેતુ દેશ ભરમાં સર્પો વિશે સાચી માહિતી ફેલાવી તેમના બચાવ અંગે જાગૃતિ આવે તેવો તેમનો હેતુ છે જે માટે તેઓ બાર બાર જ્યોતિર્લિંગના તીર્થસ્થાનોનો સમાવેશ થાય તે રીતે દેશભરમાં ખૂણે ખૂણે અંદાજે ત્રણેક મહિનાનું ભ્રમણ કરશે. આજે બંને યુવાનો નાસિક પંહોચ્યાં છે જ્યાં રાત્રે રોકાઈને કાલે ત્ર્યંબકેશ્વર જશે.

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં સુરજ-૪૮ સોસાયટીમાં રહેતા અને એર કંડિશનિંગના કામ સાથે સંકળાયેલા દિપક પ્રજાપતિ તેમજ વાવોલની નારાયણનગર સોસાયટીમાં રહીને પ્લમ્બિંગ વર્ક કરતા ભુપેન્દ્ર કોરી નામના બે પ્રકૃતિપ્રેમી યુવા મિત્રો જીવદયાના કામ સાથે સંકળાયેલા છે અને ગાંધીનગર સ્નેક લવર્સ ક્લબ સાથે સંકળાઈને સર્પ બચાવના કાર્યમાં સેવા આપે છે. આપણા દેશમાં સરીસૃપો વિશે અજ્ઞાનતા અને અંધશ્રધ્ધાઓ પ્રવર્તતી હોવાથી તેમજ સરીસૃપો અંગે ડરના કારણે કેટલાંક નાગરિકો સાપ દેખાતા જ ડરના માર્યા તેને મારી નાંખે છે જેના કારણે આ બન્ને યુવાનો વ્યથિત છે અને તેઓ માને છે કે સરિસૃપ આપણા સૃષ્ટિ ચક્રમાં પર્યાવરણ તેમજ માનવજીવન માટે ખુબ જ ઉપયોગી જીવ છે. આ બન્ને યુવાનોએ દેશભરમાં સરીસૃપો અંગે જનજાગૃતિ ફેલાવવાનું બીડું ઝડપ્યું છે અને તેઓએ મહાદેવજીનાં બાર જ્યોતિર્લિંગ તીર્થ સ્થાનોને આવરી લેતા સહિત દેશભરમાં વિવિધ સ્થળે ફરીને સરીસૃપો અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રયાસ કરવાનો નિર્ધાર કર્યો જેને અનુલક્ષી તેમણે ગત તા.૧૫મી ઓગસ્ટના રોજ દિપક પ્રજાપતિ અને ભૂપેન્દ્ર કોરી બંન્ને પોતાના મોટર બાઈક ઉપર ટેન્ટ, ભોજન સામગ્રી સહિત જરુરી સરસામાન લઈને ગાંધીનગરથી સૌપ્રથમ મધ્યપ્રદેશમાં ઉજ્જૈન તરફ જવા રવાના થયાં હતાં. ભૂપેન્દ્ર કોરીએ જણાવ્યું હતું કે તેમણે મધ્યપ્રદેશમાં મહાકાલેશ્વર તેમજ ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ, ઈન્દોર થઈને મહારાષ્ટ્રમાં ધ્રુષ્મેશ્વર, અજંતા-ઈલોરા, શનિ શિંગણાપુર અને તેની આસપાસના ગામડાં સહિતના સ્થળોમાં નાગરિકોને એકઠાં કરીને સરીસૃપો અંગે સાચી માહિતી આપતા વક્તવ્યો આપ્યાં હતાં. જો તેમને તક મળશે તો રસ્તામાં આવતાં ગામ-શહેરોમાં શાળા-કોલેજોમાં જઈને બાળકો તેમજ યુવાનોને પણ જાગૃત કરવા પ્રયાસ કરશે. હાલ બંન્ને યુવાનો મહારાષ્ટ્રમાં શિરડી સાંઈબાબા મંદિર થઈને નાસિક પહોંચ્યા છે અને લગલગાટ અઢી-ત્રણ મહિના દરમ્યાન તેઓ સ્નેક જાગૃતિ માટે સમગ્ર ભારત દેશનો ખૂણેખૂણો ફરી લેવાની નેમ રાખી રહ્યાં છે.






# શહેરમાં નવા આવાસો બાંધવા માટે એક વર્ષના અંતે પણ સાઈટ નક્કી થઈ નથી

## સેક્ટરોમાં રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે નવા આવાસો બાંધવાની યોજના સંદર્ભે સાઇટ સ્થળ પસંદગીમાં પણ નિરસતા

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરના સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી છે. જયારે જોખમી મકાનોને તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે રહેણાંકના મકાનોની પણ ઘટ છે. સેક્ટરોમાં જુના અને જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થયાના અંતે સર્વેના અંતે નવા આવાસો બાંધવા માટે પણ અગાઉ વિભાગ કક્ષાએ રીપોર્ટ સુપ્રત કરાયો હતો પરંતુ છેલ્લા એક વર્ષના અંતે પણ નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી કરવામાં આવી નથી જેના લીધે આવાસોની ઘટનો પ્રશ્ન વધુ પેચીદો બનતો જાય છે. ગાંધીનગરમાં જુના અને જર્જરિત સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. સેક્ટરોમાં વિવિધ કક્ષાના દાયકાઓ જુના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. જયારે આ જોખમી મકાનો ખાલી કરાવી કડુસલો કરવામાં આવી રહ્યો છે. શહેરમાં વર્ષો જુના સરકારી આવાસોની હાલત રહેણાંકને લાયક રહી નથી જેના લીધે તબક્કવાર મકાનોનો નિકાલ કરીને તેના સ્થાને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. પ્રથમ તબક્કામાં શહેરના સે-૭, સે-૬ અને સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે હાલ પણ સે-૬ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. જો કે આ કામ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે નવતર આયોજન કરવા માટે કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી. નવા મકાનો બાંધવા માટે મુખ્યમંત્રીએ અગાઉ જાહેરાત કરી હતી પરંતુ નવી આવાસ યોજના અન્વયે હજુ શહેરમાં સાઈટ પસંદગી કરવામાં આવી નથી. જુના અને જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર સાઈટ નક્કી કરવામાં આવે છે. શહેરના નવા કે જુના સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે સાઈટ સંદર્ભે અગાઉ ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ તેના અંતે હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડી નાંખવામા આવ્યા બાદ ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી નવા ટાવરો બાંધવા માટે જગ્યા અંગે પણ યોગ્ય અભ્યાસ કરવામાં આવ્યો છે. જયારે સેક્ટરોમાં ઉપલબ્ધ ખાલી જગ્યા અંગે પણ સર્વેના અંતે નવા મકાનો કયા ઠેકાણે બાંધી શકાય તેનુ ચિત્ર પણ તૈયાર કરાયુ છે. પરંતુ હજુ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી એકબાજુ શહેરમાં રહેણાંકને લાયક મકાનો પુરતા ન હોવાના લીધે કર્મચારીઓને આવાસ ફાળવી શકાતા નથી. જયારે સેકટરોના ઘણાં મકાનોમાં અનઅધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે રીનોવેશન હેઠળ પણ ઘણાં મકાનો આવરી લેવાયા છે. આ સ્થિતિ વચ્ચે આવાસોની ઘટનો પ્રશ્ન શિરદર્દ સમાન બન્યો છે. હાલ શહેરમા નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ નવા આવાસોની સાઈટનુ પણ હજુ ઠેકાણે પડ્યુ નથી